# સ્વચ્છ ગાંધીનગર સ્વસ્થ ગાંધીનગર અભિયાન માટે અનુભવ નિચોડવાતો

## આપણે સાચા નાગરિક બની રહીએ!

'ગાંધીનગર સમચાર'માં જયોતિન્દ્રભાઈની કોલમ અને સુજ્ઞ વિચારકોના વિચારો વાંચી હું પણ



થોડુંક લખવા પ્રરાયો છું. લગભગ ૪૫ વર્ષથી દેશની બહાર રહેતો હોવાથી ભારતની વર્તમાન પરિસ્થિતિથી હું સંપૂર્ણ વાકેફ નથી એટલે મારાં મંતવ્યો બધી રીતે યોગ્ય ન હોવાની શકયતા છે. દેશમાં લોકશાહીની ઘણી વાતો થાય છે. 'આ કરો','આ ના કરો' એવા પડઘા ચારે બાજુ સંભળાય છે. પણ આચાર, વિચાર અને અમલમાં મોટો ફરક છે. શું સારૂં અને શું ખરાબ એની ખરેખર તો બધાને સારી સૂઝ છે. કદાચ ઊંડી સૂઝ છે એમ પણ કહી શકું પણ આચરણમાં કોણ મૂકે છે?

રસ્તા પર કચરો ન ફેંકાય, ગંદકી ન કરાય, પણ રોજિંદો વ્યવહારમાં અમલમાં કોણ મૂકે છે? બધું જ સરકાર પર કે અધિકારીઓ પર ન છોડી દેવાય! કારમાંથી કેળાની છાલ રસ્તા પર નાખતાં પોલીસ જુએ અને દંડ કરે તો જ લોકો સુધરે એ વાત ખોટી છે! અમારે ત્યાં એટલે કે નોર્થ અમેરિકામાં કેળાની છાલ રસ્તા પર નાખો તો પોલીસ તમને ચારસો પાંચસો ડોલર્સ દંડ ફટકારે એ વાત સૌના મનમાં ઘૂમે છે એટલે એ બનવાનું જ નથી. આવા એક બે પ્રસંગો લોકજીવનમાં રમતા થઈ જાય તો લોક માનસ ઘટાશે! લોકમાનસ એ સમાજનો પાયો છે! જેવો સમાજ એવો દેશ!

સંસ્કાર અને સંસ્કૃતિ એ દરેક દેશનો પાયો છે. એનું વિરાટ દર્શન એના લોકજીવનમાં પ્રતિભા પાડે છે, દેશની સાચી છાપ પાડે છે. એ માટે સૌ નાગરિકોએ જાગૃત બનવું પડે છે. પહેલાં તો જાતને ઘડવી પડે છે. ()

> સ્વચ્છતા જાળવણી અત્રેના આપનાં સૂચનો, અનુભવોની વાત આવકાર્ય છે. લોકસંસદમાં સહચિંતન માટે આમંત્રણ છે.
> - તંત્રી

કોઈ પણ સારા કામનો પ્રારંભ આપણે નાગરિક તરીકેની આપણી ફરજ રોજબરોજના આચરણમાં સાચી સમજ સાથે અમલમાં મુકીશું તો બીજા અનુસરશે. બીજા એનો અમલ કરે છે કે નહીં એ જોવાની આપણી ફરજ નથી. આપણું ઘર કેવું સ્વચ્છ રાખીએ છીએ. એવું સ્વચ્છ આપણું આંગણું હોય, આપણી આસપાસ પણ એવી જ સ્વચ્છતા ચારે બાજુ હોવી જોઈએ એવું તમે વિચારો અને અમલમાં મૂકો તો તમારો પાડોશી વિચારશે, સારો સમાજ વિચારશે અને એ વિચાર ચારે બાજુ ફેલાશે. મારો એક જ દાખલો આપું. હું અહીં ડિસેમ્બરથી ફેબ્રુઆરી ત્રણ માસ જ આવું છું. મારા બંગલાની બાજુમાં ખાલી પ્લોટમાં કચરો નાખવાનું ડમ્પસ્ટર છે પણ કેટલાક લોકો ચાર પગલાં ચાલવી તસ્દી નથી લેતા. ચારે બાજુ કચરો ફેંકી દે છે. કોઈને નમ્રતાથી બે શબ્દો કહીએ તો ભવા ચઢાવે છે. અને દલપતરામની પંક્તિઓ બબડે છે - 'તમે આવા ડાહ્યા કયાંથી થયા, અમારાં હજાર વર્ષ અંધારે ગયા?'

કેનેડામાં અમારા ઘરનો બધો કચરો એક ગાર્બેજ બેગમાં બાંધી અઠવાડિયાના નિયત દિવસે ઘર સામે પાર્કિંગ લોટમાં મુકીએ એટલે મ્યુનિસિપાલિટીની ટ્રકો આવીને લઈ જાય! પરદેશની સફરે જનારા વડીલો આ બધું જુએ છે. જોઈએ ખુશ થાય છે પણ અહીં આવી એ બધું જાણે ભુલી જાય છે! કેવી કમનસીબી! સારૂં નરસું જોઈએ છીએ, ઘડીભર વિચારીએ છીએ પણ પાછી એ જ રફતાર! આપણે ત્યાં આમ જ હોય! અકબર બિરબલની પેલી વાત યાદ આવે છે, 'બધા જ કુંડમાં એક કટોરો દૂધ નાખશે અને હું પાણી નાખીશ તો શો ફેર પડશે, કોને ખબર પડશે!' અરે બાઈ તમે કંઈક ખોટું કર્યાનું દુઃખ કેમ નથી અનુભવતા ? લોકશાહી દેશના નાગરિક હોવાનો ગર્વ અનુભવીએ છીએ, પણ આપણા શિક્ષણ અને સંસ્કારના સાચા પડઘા પાડવાનું વિચારીએ

> **લોકસંસદ**
> આવો, સહચિંતન કરીએ
> **જ્યોતીન્દ્ર દવે**
> મો : ૯૮૨૫૦૬૦૬૮૩
> Email : jyotindradave@gmail.com

છીએ ખરા? સાચું શિક્ષણ જ સારા ગુણ કેળવે છે. બીજા શું કરે છે એ વિચારવાનું ન હોય! આપણું સાચું પગલું ભરીશું તો બીજા શું કરે છે વિચારવાનું ન હોય! આપણે સાચું પગલું ભરીશું તો બીજા વહેલા મોડા અનુસરવાના જ છે! તો જ સારો સમાજ ઘડાશે. બસ સ્ટેન્ડે કે બેંકમાં દોડીને આગળ જઈએ એ ખોટું છે. આપણો વારો આવે તેની રાહ જોવાની સમજ કયારે કેળવાશે?

સ્વચ્છતા એ જીવનની મોટામાં મોટી જરૂરિયાત છે. એ જાળવશું તો ઓછા રોગો થશે, દવાઓ પાછળ ઓછો ખર્ચ થશે, સુખી, તંદુરસ્ત અને આનંદી જીવનનો મહામૂલો લાભ મળશે. નગરના અને રાજયના ખોટા ખર્ચા બચશે! સરકારની સુવિધાઓ વધશે. વિકાસના કામોના પડઘા ચારે બાજુ સંભળાશે! દેશના કે રાજયના એક સદ્‌ગુણી નાગરિક તરીકે આપણે ગર્વ અનુભવીશું. દીવાની એક વાટ પ્રગટતાં બીજા હજારો દીવાઓ પ્રગટે છે એનો આત્મસંતોષ અનુભવીશું! સાચી સમજના દીવા પ્રગટાવવા એક નહિ અનેક કૃષ્ણકાન્તભાઈ અને જયોતીન્દ્રભાઈની આપણને જરૂર છે. 'જય જય ગરવી ગુજરાત.'

● જય ગજ્જર



શહેરના ચ માર્ગ પરથી પસાર થઈ રહેલી હોન્ડા વર્ના કારનું અચાનક સે-૨ સ્વામિનારાયણ મંદિર સામેના માર્ગ પર ટાયર નીકળી જતાં ફિલ્મી ઢબે ઊંધા માથે થઈ ગઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવારને સામાન્ય ઈજાઓ થવા પામી હતી. સદભાગ્યે કોઈ જાનહાની થઈ ન હતી.

# ભવનની જગ્યા મેળવવા ઉપવાસ પર ઉતરેલા વણકર સમાજના એક વૃદ્ધની તબીયત લથડી

## સમાજના ૧૨ સભ્યો છેલ્લા ચાર દિવસથી ઉપવાસ પર બેઠા છે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર ખાતે વણકર સમાજનું ભવન બનાવવા માટે જગ્યાની માંગણી સાથે આંદોલન પર ઉતરેલા વણકર સમાજના ૧૨ સભ્યો આમરણાંત ઉપવાસ પર ઉતરેલા છે તે પૈકી ૮૦ વર્ષીય વૃદ્ધની આજે ઉપવાસના ચોથા દિવસે તબીયત લથડતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતાં. જો કે માંગણી ન સંતોષાય તો મૃત્યુ પછી ઉપવાસ ચાલુ રાખવા અન્ય ૧૧ સભ્યો અડગ થઈને બેઠા છે.

વણકર ભવનની જગ્યાની માંગણી સાથે વણકર સમાજ સમાજ દ્વારા ભવ્ય રેલીનું આયોજન કર્યા બાદ મંત્રીઓ વિરુધ્ધ હુરીયો બોલાવ્યો હતો. તે જ દિવસથી સમાજનાં ૧૨ સભ્યો આમરણાંત ઉપવાસ પર બેસશે તેવી જાહેરાત કરીને ઉપવાસ પર બેસશે તેવી જાહેરાત કરીને ઉપવાસ શરુ કર્યા હતાં. ચાર દિવસથી ઉપવાસ પર બેસેલા ૧૨ સભ્યો પૈકી એક ૮૦ વર્ષીય વૃદ્ધ નરસિંહભાઈ કચરાભાઈ લેઉવાની આજે તબીયત લથડતા સવારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતાં અને સારવાર આપવામાં આવી હતી. જો કે વણકર સમાજમાં સભ્યોએ લડત ચાલુ રાખી છે જયાં સુધી તેમની માંગણી નહીં સંતોષાય ત્યાં સુધી ઉપવાસ આંદોલન ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે.



ઉત્તરાયણનો તહેવાર ધીમે ધીમે નજીક આવી રહ્યો છે ત્યારે બજારમાં પતંગ, ફીરકી, દોરીઓ વેચાવા માંડી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા

# સેકટર-૧, ૨ના વસાહતીઓના પ્રશ્નોનું નિરાકરણ લાવવા સભા યોજાઈ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા તાજેતરમાં સેકટર-૧ અને ૨ના વસાહતીઓના પ્રાણ પ્રશ્નોની ચર્ચા કરી ઉકેલ લાવવા જાહેર સભા યોજવામાં આવી હતી.

શહેરમાં જાગૃત નાગરિક પરિષદ અનેક સેવાકીય કાર્યો કરે છે ત્યારે સેકટર-૧ અને ૨ના વસાહતીઓના પ્રાણ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. પ્રમુખ વલજીભાઈ વાડિયાના અધ્યક્ષ સ્થાને સંસ્થાના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં સભા યોજવામાં આવી હતી.

સભામાં વસાહતીઓને શિરસ્તો સમાન પ્રશ્નોની ચર્ચા કરાઈ હતી. જેમાં ચુંટાયેલા કાઉન્સીલરો મુલાકાત લેતા નથી, ચ રોડ પર વિટકોસ બસની સર્વિસ મળતી નથી, સેકટર-૧ અને ૨માં રખડતા પશુઓની સમસ્યા વિકરાળ બની છે, ઝૂંપડપટ્ટીનું પ્રમાણ વધ્યું છે જેવા ગંભીર પ્રશ્નોનું નિરાકરણ લાવવા વસાહતીઓને જાગ્રત કરવામાં આવે અને સત્વરે નિરાકરણ લાવવા તંત્રને રજુઆત કરવા જણાવ્યું હતું. જાહેર સભામાં ભાનુપ્રસાદ પુરાણી, જયોતિન્દ્રભાઈ દવે, રાજેન્દ્ર પારેખ સહિત મોટી સંખ્યામાં સેકટરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# સરકારી કર્મીઓ માટે પાટનગરમાં તાલીમી અને ટ્રાન્સફરી હોસ્ટેલ ઉભી કરવા માંગ કરાઈ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર રાજયનું પાટનગર હોવાથી સચિવાલય પણ અહીં જ આવેલું છે. રાજયમાંથી છેવાડાનો કર્મચારી પોતાનું કામ લઈને આવતો હોય છે ત્યારે કર્મચારીઓ માટે તાલીમી હોસ્ટેલની વ્યવસ્થા કરવા માંગ ઉઠવા પામી છે.

પાટનગરમાં સચિવાલય, વિધાનસભા સહિત વિવિધ ખાતાઓની આશરે ૨૦૦ જેટલી કચેરીઓ આવેલી છે. રાજયના છેવાડાનો કર્મચારી પાટનગરમાં તાલીમ અર્થે, શિબિરમાં કે અન્ય સરકારી કામ લઈને રોજ બરોજ અનેક મહિલા અને પુરુષ કર્મચારીઓ આવતા હોય છે ત્યારે સરકારી કામાર્થે આવતા કર્મચારીઓ માટે તાલીમી હોસ્ટેલ અને ટ્રાન્સફરી હોસ્ટેલની સુવિધા આપવા માંગણી ઉઠી છે.

પાટનગરના આવેલ કર્મચારીને તાલીમ અર્થે એક-બે કે છ માસ સુધી રહેવું પડતું હોય છે. ત્યારે માર્ગ મકાન સિંચાઈ-મહેસુલ ખાતા સિવાયના કર્મચારીઓને હાલાકી વેઠવી પડતી હોય છે અને કર્મચારીઓ ફિકસ વેતનમાં હોવાથી તેમને હોટેલમાં રહેવાનો ખર્ચો પોસાય તેમ હોતો નથી. જેથી સરકારી બાબુ નિસાસા નાંખતા હોય છે. તંત્ર દ્વારા મકાનોમાં તાલીમી હોસ્ટેલ અને ટ્રાન્સફરી હોસ્ટેલ ઉભી કરવામાં આવે તો સાપ પણ મરી જાય અને લાકડી પણ ના તૂટે.

# હત્યાના પુરાવાનો નાશ કરનાર ડ્રાઈવર ત્રણ દિવસના રિમાન્ડ પર

## હત્યા કરનાર કોણ કોણ હતું તે સહીતની વિગતો કઢાવવા પુછતાછ શરુ

ગાંધીનગર, તા.૨૯

સરગાસણના રહસ્યમય હત્યા કેસમાં મૃતક ગોહિલ ફાર્મનો ચોકીદાર હોવાનુ ખુલ્યું છે ત્યારે હત્યા કરવામાં મૃતકને હોસ્પિટલ લઈ જનાર ફાર્મનો માલિક બિલ્ડર પાડલીયા જ હોવાની શંકા પ્રબળ બની છે. હત્યાના પુરાવાનો નાશ કરનાર ડ્રાઈવર પોલીસને હાથે ઝડપાઈ ગયો છે ત્યારે તેની પાસેથી વિગતો બહાર કઢાવવા માટે કોર્ટમાં રજુ કરતાં કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

હત્યાના સ્થળે તે ડ્રાઈવર પોતે હાજર હતો કે કેમ? તેની તપાસ ચાલી રહી છે. ડ્રાઈવરની શરુ કરવામાં આવેલી પુછપરછમાં હત્યા કરનાર શખ્સો કોણ કોણ હતા? કયાં કારણે હત્યા કરવામાં આવી? તેણે કોના કહેવાથી ગોહિલ ફાર્મમાં પડેલા લોહીના ડાઘા પર માટી નાંખીને પુરાવાનો નાશ કર્યો? તે સહિતની પુછપરછ પોલીસ દ્વારા શરુ કરવામાં આવી છે. આ તમામ બાબતો અંગે પુછપરછ કરવા પોલીસે કોર્ટ સમક્ષ રજુ કરી રિમાન્ડની માંગણી કરતા કોર્ટે આજે ૧લી જાન્યુઆરી બપોરે ૧૨ વાગ્યા સુધીના એટલે કે ૩ દિવસ સુધીના રિમાન્ડ મંજુર કર્યા છે. સે-૭ પી.આઈ. જે.એમ. ભરવાડે ડ્રાઈવરની કડક પુછપરછ શરુ કરી છે.



સે-૫ ખાતે પૂ. સંજયગીરી ગોસ્વામી દ્વારા આયોજિત શિવકથાના ૪થા દિવસે શનિવારે સાંજે કૃષ્ણલીલાનાં દશ્યને રજુ કરવામાં આવ્યું હતું. શ્રધ્ધાળુઓ અને ભકતોએ મોટી સંખ્યામાં હાજરી આપી દર્શનનો લાભ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬
સૂર્યાસ્ત : ૫.૫૬

## તાપમાન

મહત્તમ : ૨૫.૦ ડિ.સે.
લઘુત્તમ : ૦૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૪૩ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૧૧.૧૦, ૨.૪૦, ૬.૨૫, ૧૦.૧૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૨૫, ૮.૧૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૦.૧૦, ૫.૨૫, ૯.૧૦
મહાભારત (એનીમેટેડ) : ૧.૪૦
: સ્ક્રીન-૪ :
ધૂમ-૩ : ૮.૧૦, ૧૧.૪૦, ૩.૨૫, ૧૦.૫૫
મહાભારત (એનીમેટેડ) : ૭.૧૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૩૦, ૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૦૦
: સ્ક્રીન-૨ :
આર..કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### ચિરાગ, કલોલગ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : વિશેષ લેવડ-દેવડથી બચવું. સંતાન ઉજજવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**વૃશ્ચિક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શકયતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. મણીલાલ ગોવિંદભાઈ પંડિત (ઉ.વ. ૬૨) પ્લોટ નં. ૧૧૧૬/૧, સેકટર-૩/ડી, ગાંધીનગર.
- સ્વ. રાઈબેન મોતીભાઈ પટેલ (ઉ.વ. ૭૫) પ્લોટ નં. ૨૧૮, સર્વોદયનગર, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. હસમતીબેન કનૈયાલાલ ઠાકર (ઉ.વ. ૮૬) પ્લોટ નં. ૩૦૨, સેકટર-૨૦, ગાંધીનગર.
- સ્વ. બબાભાઈ લેબાભાઈ રબારી (ઉ.વ. ૮૫) પ્લોટ નં. ૨૩૪/૨, કિસાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર.